**ક્રિ. કેસ નં. ૧૦૦૦૬૪ / ૨૦૧૫**

# <u>ફરીયાદીની આંક – ૦૪ ની પુરસીસ લગત હુકમ</u>

ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી તથા આ કેસના રેકર્ડનો અભ્યાસ કર્યો. આ કામમાં આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૭૯ ના ગુનાનું પોલીસ તપાસનુ ચાર્જશીટ થયેલ છે. આરોપી હાજર નથી, પરંતુ ફરીયાદી હાજર છે અને તેઓ આ કેસ માંડવાળા કરવા માંગે છે આગળ ચલાવવા માંગતા નથી. આથી ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦ની જોગવાઈને ધ્યાનમાં લેતા ફરીયાદીની માંડવાળ કરવાની પુરસીસ ગ્રાહય રાખીને નીચે મુજબ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

આથી આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ (૧) (૮) અન્વયે ઈ.પી.કો. કલમ ૩૭૯ ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

મુદ્દામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

આ કામમાં પોલીસે કબજે કરેલ મુદ્દામાલ જો અગાઉ અદાલતના હુકમથી કોઈ વ્યકિતને પરત કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ કરવામાં આવે છે અને જો મુદ્દામાલ પરત કરવામાં ન હોય આવ્યો હોય તો મુદ્દામાલ ઓળખની ખાતરી કરીને તેના ઓનરને પરત આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૧૨/૧૧/૨૦૨૨.
અમદાવાદ.

**(જે. બી. પરીખ )**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ
(કોડ નં. જી.જે. ૦૦૪૧૪)